Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# શ્રીમદ્ભગવદ્ગીતા

ઘનશ્યામસિંહ એન. ગઢવી

(મા.ડૉ.સી.એલ. પટેલ સાહેબ ચેરમેન શ્રી ચારુતર વિદ્યામંડળ એક આદર્શ શિક્ષણ મહર્ષિ દીર્ઘદ્રષ્ટા એવા આ મહાપુરુષે મેં જ્યારે તા. ૮-૧૨-૨૦૧૬ને ગુરુવારના રોજ નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજના આચાર્યપદનો કાર્યભાર સંભાળ્યો અને મા. સાહેબશ્રી ડૉ. સી.એલ. પટેલ સાહેબને મળ્યો,ત્યારે તેઓશ્રીએ કહ્યું કે, "ભાઇ ઘનશ્યામ ગઢવી 'વિ-વિદ્યાનગર'માં દર મહિને ગીતા ઉપર એક અભ્યાસ લેખ લખો, આ તમારું ધર્મકાર્ય હું સૂચિત કરી રહ્યો છું, ગીતાનો વિચાર આમ લોકો સુધી પહોંચે તે માટે સુલભ- સરળ-ભાવાનુવાદ સાથે ૧૮ અધ્યાયનું નિયમિત 'વિ- વિદ્યાનગર'માં છપાય તેવું મારું સૂચન છે.' મા.સાહેબની આ વાત હૃદયે કરી આ જ મહિનાથી હું આ લેખ લખવા પ્રેરાયો છું. અને બને તેટલા સહજ સ્વરુપમાં લિખિત ગીતાના ૧૮ અધ્યાયને વિવેચનાત્મક રીતે વર્ણવવાનો વિનમ્ર પ્રયાસ છે. મા.ડૉ.સી.એલ. પટેલ સાહેબને વંદન કરી આ લેખની શરૂઆત કરું છું. આભાર.)

'ગીતા આચાર-વિચાર-કર્મ-જ્ઞાન-અને ભક્તિનું જીવંત બળ છે, એની અસરનો અનુભવ તત્કાળ થાય છે. ભારતીય ધર્મક્ષેત્રનું પરિપક્વ ફળ-એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા.'

ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે, 'માનવમન પર કોઇ ગ્રંથ કેટલી પકડ ધરાવે છે એ જ જો એની મહત્તાનો માપદંડ હોય તો ગીતા ભારતીય વિચાર પરંપરાનું સૌથી વધુ અસરકારક સર્જન છે. કારણ તે સ્વયં ભગવાનના શ્રીમુખેથી ઉદ્ધૃત થયેલ છે.

આધ્યાત્મિક -આધિભૌતિક તથા આધિદૈવિક એમ ત્રિતાપથી માણસ તેના વ્યવહારિક જીવનમાં હંમેશાં પીડાતો નજરે પડે છે. આ સંતાપોમાંથી તેને મુક્તિ મેળવવી હોય છે. ભગવદ્ગીતાનો ઉદ્દેશ માનવજાતને સંસારના અજ્ઞાનમાંથી મુક્ત કરવાનો છે. આ સંસારને લીધે એકલો અર્જુન જ નહીં આપણે બધાં જ ચિંતાગ્રસ્ત છીએ.

પરબ્રહ્મના સ્વરૂપ વિશે કે મનુષ્ય જીવનના અંતિમ લક્ષ્ય વિશે જ્યાં સુધી મનુષ્યને પ્રશ્ન થાય નહિ ત્યાં સુધી તેની પ્રત્યેક પ્રવૃત્તિ સરિયામ નિષ્ફળ છે. માનવજાત જ્યારે જીવનનું લક્ષ્ય વિસરી જાય છે ત્યારે અવતારનો આવિષ્કાર થાય છે. વિશ્વના ઘટનાચક્રનો ચાલક પરમેશ્વર છે, ભૌતિક પ્રકૃતિને શ્રીકૃષ્ણે પોતાની અપરાપ્રકૃતિ અને જીવને પરાપ્રકૃતિ કહી પોતાના અંશરૂપ અને સનાતન કહ્યા છે. મહાત્મા ગાંધીજીના શબ્દોમાં ગીતાનો અનાસક્તિયોગ પૂર્ણપ્રકાશ પાથરનારો છે.

'ગીતા' શબ્દનો અર્થ ગાવામાં આવેલી" એવો થાય છે. અને ભગવદ્ગીતા એટલે જે ભગવાન વડે ગવાયેલી છે એવો થાય છે. શ્રીમત્ અર્થાત્ સર્વ શોભાસંપન્ન છે અને જેનામાં પૂર્ણ ઐશ્વર્ય ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ નિત્ય વિદ્યમાન રહે છે, એવા શ્રીના મુખેથી નીકળી હોવાને કારણે એ શ્રીમતા ભગવતા ગીતા કહેવાય છે. ગીતા ઉપનિષદ્ છે, યોગશાસ્ત્ર છે, બ્રહ્મવિદ્યા છે. ગીતામાં કર્મયોગ-જ્ઞાનયોગ-ધ્યાનયોગ-ભક્તિયોગ વગેરે યોગ સાધનાનું શિક્ષણ આપવામાં આવ્યું છે. જેથી સાધકને પરમાત્માની સાથેના નિત્ય સંબંધનો અનુભવ થઇ જાય, એટલા માટે એને 'યોગશાસ્ત્ર' પણ કહેવામાં આવે છે.

શ્રી તિલક કહે છે. બ્રહ્મવિદ્યા એટલે બ્રહ્મજ્ઞાન. તે પ્રાપ્ત થયા પછી જ્ઞાની પુરુષને બે નિષ્ઠા અથવા માર્ગ ખુલ્લા થાય છે. એક સાંખ્ય અથવા સંન્યાસ માર્ગઃ એટલે જ્ઞાન થયા પછી જગતમાં કરવાનાં સર્વ કર્મ છોડીને વિરક્ત સરખા રહેવું તે, અને બીજો યોગ કર્મયોગ એટલે કર્મ ન છોડતાં તેને એવી યુક્તિથી કર્મ હંમેશાં કરવા કે જેને કરવાથી મોક્ષની પ્રાપ્તિમાં કોઇ હરકત ન આવે, આ બે માર્ગો પૈકી પહેલા માર્ગનું જ્ઞાન નિષ્ઠા એવું બીજું નામ છે અને તેનું વિવેચન ઋષિઓએ કરેલું જોવા મળે છે.

સત્યને જાણવું એક વાત છે અને જાણીને પામવું એ બીજી વાત છે, એક બ્રહ્મ વિદ્યા છે અને બીજું યોગ શાસ્ત્ર છે. ગીતા માત્ર બ્રહ્મવિદ્યા ન બની રહેતાં યોગશાસ્ત્ર પણ બને છે. યોગશાસ્ત્ર એટલે સિદ્ધાંતને વ્યવહારમાં અપનાવો તે. આ બન્ને પરસ્પરપૂરક છે. બન્ને મળે ત્યારે જ સંપૂર્ણ જીવન શાસ્ર બને છે. ગીતા બ્રહ્મવિદ્યાને યોગાનુકૂળ બનાવે છે. આથી જ માત્ર જ્ઞાન નહિ, પરન્તુ કર્મ અને ભક્તિ પણ ગીતાના આચારધર્મમાં સમાવેશ પામે છે.

શ્રીમદ્‌ભગવદ્ગીતા સાક્ષાત્ પુરુર્ષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ અને ભક્તોમાં મુખ્ય એવા અર્જુનનો સંવાદ છે. અર્જુને નિઃસંકોચ ભાવથી પ્રશ્નો પૂછ્યા છે અને સ્વયં ભગવાન સ્વ મુખે ઉદારતા પૂર્વક જવાબો આપે છે. આ બન્નેના ભાવો એમાં છે. આ કારણથી “શ્રીકૃષ્ણાર્જુન સંવાદ” એમ બેલાય છે.

ગીતાનો રચનાકાળ ઇ.સ. પૂર્વે પાંચમી સદીનો ઠરાવે છે.

પોતાના રચનાકાળથી જ ગીતાગ્રંથની મહત્તા અને લોકપ્રિયતા અધિક હોવાથી ભારતીય દાર્શનિક પરંપરા, સંસ્કૃતિ અને ધર્મમાં તેનું વિશિષ્ટ સ્થાન છે. શ્રીમદ્‌ગીતા પ્રત્યેક સંપ્રદાયનું સમર્થન કરનારી છે.

આદ્યગુરુ શંકરાચાર્યના મતે બ્રહ્માત્મક્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને જે યોગ્યતા સંપાદન કરવાની છે તેને માટે સ્મૃતિગ્રંથોમાં વર્ણવેલા ગૃહસ્થાશ્રમનાં કર્મો કરવાં જોઇએ, પણ પછી તે કર્મ સદાય કરવાનાં નથી, કારણ કે સર્વ કર્મ છોડી દઇ સંન્યાસ લીધા વિના મોક્ષની પ્રાપ્તિ થઇ શકે તેમ નથી. તેમના મતે કર્મ અને જ્ઞાન એ અંધકાર અને ઉજાસની જેમ પરસ્પર વિરોધી હોવાથી સર્વે વાસના અને કર્મ છૂટ્યા સિવાય બ્રહ્મજ્ઞાનની પૂર્ણતા થતી નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કર્મ એ જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. અને સર્વ કર્મ સંન્યાસ પૂર્વક જ્ઞાનથી જ મોક્ષ મળે છે.

શ્રી રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય પ્રવૃત્ત કરી તેમણે પણ પ્રસ્થાનત્રયી પર સ્વતંત્ર ભાષ્યો લખ્યા તેમણે ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેનું જોકે વર્ણન છે તો પણ તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ વિશિષ્ટાદ્વૈત અને આચરણ દૃષ્ટિએ વાસુદેવ ભક્તિ એ જ ગીતાનો સાર છે અને કર્મનિષ્ઠા એ જ્ઞાનનું મૂળ છે, સ્વતંત્ર નથી. એવો મત રજૂ કર્યો છે.

મધ્વાચાર્યે જણાવ્યું છે કે ગીતામાં નિષ્કામ કર્મની મહત્તા વર્ણવાયી છે. પણ નિષ્કામ કર્મ સાધન રૂપ છે અને ભક્તિ એ છેવટની નિષ્ઠા છે. ભક્તિ સિદ્ધ થયા પછી કર્મ કર્યાં ન કર્યાં એમાં કોઇ વિશેષ નથી.

પુષ્ટિમાર્ગ પ્રણેતા વલ્લભાચાર્ય જણાવે છે સાંખ્ય જ્ઞાન અને કર્મયોગ એ બેનો અર્જુનને પ્રથમ ઉપદેશ કરીને આખરે ભક્તિરૂપી અમૃત પાઇને ભગવાને અર્જુનને કૃતકૃત્ય કર્યાં. તે જોતાં ભક્તિ અને તે પણ ઘર, દ્વાર વગેરે છોડી દઇ કેવળ નિવૃત્તિ પરાયણ ભક્તિ એ જ ગીતાનું તાત્પર્ય છે તેમ દર્શાવ્યું છે.

નિમ્બાર્ક પણ ભક્તિયોગમાં જ ગીતાનું મહત્ત્વ છે તેમ જણાવે છે.

મધુસૂદન સરસ્વતી જેવા ગીતાના પરમ ચાહક આલોચક ભક્તિતત્ત્વની વિચારણાની સાથોસાથ જ્ઞાન, કર્મ અને ભક્તિ તત્ત્વને વિચારે છે.

શ્રી તિલક અનુસાર ગીતા કર્મયોગની પ્રેરણા આપનારો ગ્રંથ છે. ગીતામાં કહ્યું છે. “કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં કદાપિ નહિ, તું કર્મફળના હેતુવાળો ન થા.તેમજ કર્મ ન કરવામાં તારી પ્રીતિ ન થાઓ.” તિલકના મતાનુસાર ગીતા માત્ર મોક્ષશાસ્ત્ર જ નહિ, પરન્તુ કર્તવ્યનો વિચાર કરનાર નીતિશાસ્ત્ર પણ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

શ્રી અરવિંદ ઘોષ- પોતાના ગીતા નિબંધોમાં જણાવે છે કે, “ગીતાનો અભ્યાસ કરવામાં આપણો હેતુ કેવળ પાંડિત્ય વડે કે શબ્દાર્થ અને તાર્કિક ઝીણવટ વડે એના વિચારને જાણવાનો નથી” શ્રી અરવિંદની દૃષ્ટિએ ગીતામાં ગુરુનું દિવ્ય વ્યક્તિત્વ, શિષ્ય સાથેનો તેનો વિશિષ્ટ સંબંધ અને ઉપદેશનો પ્રસંગ એ ત્રણ બાબતો ઘણી જ અર્થસૂચક અને મહત્ત્વની છે.

મહાત્મા ગાંધીજીએ ગીતામાં અનાસક્તિ યોગના ઉપદેશને મહત્ત્વનો ગણ્યો છે. તેમના મતે મહાભારતના પાત્રો રૂપકાત્મક છે. પાંડવો પ્રકાશના પ્રતીકો છે, કૌરવો અંધકારના પ્રતીક છે. અને કુરુક્ષેત્ર એ માનવ શરીર છે. અર્જુન માણસનો અહંકાર અને કૃષ્ણ એ માણસનો અંતરાત્મા છે.

આમ વિવિધ વિદ્વાનો તદ્ઉપરાંત વિનોબાજી તથા આચાર્ય રજનીશ, જે. કૃષ્ણમૂર્તિ જેવાઓએ ગીતાના અનન્ય અર્થો કર્યાં છે. આપણે ૧૮ અધ્યાયોને જુદી જુદી રીતે વિચારી શકીએ.

છેલ્લે સર્વથા આ વિશ્વના ઘટનાચક્રને શ્રીકૃષ્ણને સમર્પિત કરી જીવવાની કળા ગીતા શીખવાડે છે અને કોક જાગરુક વિરલો જ એને પામે છે, અન્તે તો શ્રીકૃષ્ણ પણ અર્જુનને કહે છે, ‘યથેચ્છસિ તથા કુરુ’ તારી જેમ ઇચ્છા હોય તેમ કરે. તેથી પ્રેરક વિચારો માટે યોગ્ય અધિકારીતા પ્રાપ્ત કરવી અગત્યની છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભગ્રંથોઃ-**

૧. Indian Philosophy-vol-1-GAllen & Unin ltd. London-1951-p.519.

૨. તિલક-ગીતા રહસ્ય

3. તિલક-ગીતા રહસ્ય-પૃ. ૫૬૨-૫૭૩ના આધારે

૪. શ્રીમદ્ ભગવદ્ગીતા- સરસ્વતી પુસ્તક ભંડાર- અમદાવાદના આધારે.